અપીલ અરજી નં.૩૦૩ તા.૧૬/૧૭–૧–૦૯

અરજદારઃ શ્રી મો. રફીક શેખ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો. રફીક શેખ તા.૨૨–૧૦–૦૮ની અરજીથી ચોક બજાર કમાલ ગલીમાં આવેલ વોર્ડ નં.૧૦ ની ઓફિસ સામે ચાલી રહેલા નવા બાંધકામ અંગે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૩/૨૦૦૮–૦૯

શ્રી મો. રફીક શેખ તા.૨૨–૧૦–૦૮ની અરજીથી ચોક બજાર કમાલ ગલીમાં આવેલ વોર્ડ નં.૧૦ ની ઓફિસ સામે ચાલી રહેલા નવા બાંધકામ અંગે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે પ્રત્યુત્તર ન મળવાના પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧–૦૯ ના રોજ એક માસના વિલંબથી અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની ફી ભર્યાની વિગત સહિતની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા તથા ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૦૬ તા.૨૭–૧–૦૯ થી શહેર વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી. કે માહિતીના ઈન્કાર અંગે કાયદાની કલમ૮,૯ કે ૧૧ હેઠળના કોઈ અપવાદ જણાવેલ નથી.

અરજદારની તા.૨૨–૧૦–૦૮ ની વોર્ડ નં.૧૦ ની ઓફિસ સામે ચાલી રહેલા નવા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૮ સદર જગ્યાનો સર્વે નંબર પ્લાન કયારે પાસ થયો અને કયા અધિકારીએ કર્યો, જગ્યા કોના નામે ચાલે છે અને કોના નામે પ્લાન પાસ થયો , બાંધકામના આર્કીટેકટનું નામ અને સરનામા, પાર્કીગની જગ્યા છોડેલ છે ખરી? પાછળ એલાઈમેન્ટની જગ્યા છોડી છે ખરી? બાંધકામનો કેટલા માળનો પ્લાન પાસ થયો અને ગેરકાયદેસર બાંધકામ કેટલું વિગેરેની માહિતી માંગેલ. અરજદારે લગભગ એક માસના વિલંબથી અપીલ અરજી કરેલ છે. જેમાં સમય મર્યાદામાં નહીં મળતા અપીલ અરજી કરી વિના મૂલ્યે માહિતીની તથા ગેરકાયદેસર બાંધકમ હોય તો તે દુર કરવા અને આર્કીટેકટ સામે પગલા ભરવા અપીલમાં દાદ માંગેલ છે. અપીલના વિલબં અંગે અરજદારે કોઈ વાજબીપણું કે આધાર રજુ કરેલ નથી.

***હુકમ***

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની વિલબંના કોઈ પણ વાજબીપણા વિનાની કલમ–૧૯(૧) હેઠળની અપીલ પ્રથમ દર્શીરીતે ગ્રાહય રાખવા કોઈ કારણ જણાતું ન હોઈ અપીલ ગ્રાહય રાખવામાં આવતી નથી તેથી અપીલ દફતરે કરવામાં આવે છે. તેમ છતાં આરટીઆઈ કાયદાની કલમ–૨૫ (૩) (એફ) ની જાહેર સત્તામંડળ ધ્વારા કાયદાના હાર્દ અને હેતુ અપનાવવા તથા અમલી કરણ સંદર્ભે પ્રયત્નોની જોગવાઈ ધ્યાને લઈ અરજદારને જાહેર માહિતી અધિકારી સમક્ષની મુળ અરજીના ઉપલક્ષ્યમાં કાયદાની કલમ–૭ (૧) તથા ૭(૩) તેમજ નિયમ–૫(બી) સાથે રાખી નિયત દસ્તાવેજ ફી જે કિસ્સામાં ભરાવા પાત્ર થતી હોય ત્યાં તેવી કાર્યવાહી અપનાવી દિન–૩૦ માં અરજીનો નિકાલ કરી તેની જાણ અત્રે કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૨ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ,***
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મોહંમદ રફીક શેખ,